| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૮/૧૦/૨૦૧૯ |
| રજી.તારીખ | ૧૮/૧૦/૨૦૧૯ |
| નિકાલ તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| કુલ | 06 08 23 |

**આંક :- 31**

---

**ભુજના મ્હે. બીજા અધિક ચીફ જયુડીશીયલ મેજી. સાહેબની અદાલતમાં, ભુજ-કચ્છ.**

---

**ફો.પ.અ.નં.૨૨૮/૨૦૧૯**

**(નમુનો-અ)**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **ઉપર મુજબ** |
| ફો.પ.અ. નંબર | **૨૨૮/૨૦૧૯** |
| પોલીસ સ્ટેશન/એફ.આઈ.આર | **--** |
| ગુન્હો | **ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ ૧૨** |

| | |
|---|---|
| અરજદાર | શ્રીમતી જયશ્રીબા રાજેન્દ્રસિંહ ઉર્ફેરમુભા વાઘેલા,<br>ડો/ઓ. સુમરાજી રાયબજી જાડેજા,<br>રહે: વરલી, તા: ભુજ-કચ્છ. |
| **વિ.વ.શ્રી** | **શ્રી એ.એચ.લોઢીયા** |
| સામાવાળા | ૧. શ્રી રાજેન્દ્રસિંહ ઉર્ફે રમુભા નટુભા વાઘેલા,<br>ઉ.વ. પુખ્ત, ધંધો: ખેતી, |
| | ૨. શ્રી મુરુભા નટુભા વાઘેલા,<br>ઉ.વ. પુખ્ત, ધંધો: ખેતી, |
| | ૩. શ્રી ફલુભા નટુભા વાઘેલા,<br>ઉ.વ. પુખ્ત, ધંધો: ખેતી, |
| | ૪. શ્રીમતી નંદુબા મુરુભા વાઘેલા,<br>ઉ.વ. પુખ્ત, ધંધો: ખેતી, |

| | |
|---|---|
| | ૫. શ્રીમતી ગીતાબા ફુલુભા વાઘેલા,<br>ઉ.વ. પુખ્ત, ધંધો: ખેતી,<br>રહે નં.૧ થી ૫ વાળા ગામ બાલાસર,<br>તા: રાપર–કચ્છ. |
| **આરોપી નં.૧ ના વિ.વ.શ્રી** | **આઇ.એ.સમા** |
| **આરોપી નં.૨ થી ૫ ના વિ.વ.શ્રી** | **કે.પી.સૈયદ** |

**(નમુનો–બ)**

| | |
|---|---|
| ગુનાની તારીખ | –– |
| ફરિયાદની તારીખ | તા.૧૮/૧૦/૨૦૧૯ |
| ચાજર્શીટની તારીખ | –– |
| ચાજર્ફેમની તારીખ | –– |
| પુરાવો શરુ થયાની તારીખ | –– |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | –– |
| ચુકાદાની તારીખ | ઉપર મુજબ |
| સજાનો હુકમ સાંભળ્યા તારીખ જો હોય તો | –– |

**આરોપીની વિગત**

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગતો | ટ્રાયલ દરમ્યાન કાતા કામે ભોગવેલ સજાનો સમયગાળો (સી.આર.પી.સી. કલમ ૪૨૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઉપર મુજબ | –– | –– | ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ ૧૨ | –– | –– | –– |
| ૨ | ઉપર મુજબ | –– | –– | –’’– | –– | –– | –– |
| ૩ | ઉપર મુજબ | –– | –– | –’’– | –– | –– | –– |
| ૪ | ઉપર મુજબ | –– | –– | –’’– | –– | –– | –– |
| ૫ | ઉપર મુજબ | –– | –– | –’’– | –– | –– | –– |

**નમુનો–ક**

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લિસ્ટ

(એ) ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :–

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| ૧ | ૨૯ | અરજદારના પિતાશ્રી સુમરાજી રાયબજી જાડેજાનું પુરાવાનું સોગંદનામું |

(બી) બચાવ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ:-

| ક્રમ | આંક | સાહેદ નંબર | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|---|
| -- | -- | -- | -- | -- |

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ:-

| ક્રમ | આંક | સાહેદ નંબર | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|---|
| -- | -- | -- | -- | -- |

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત

(એ) ફરિયાદ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:-

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| -- | -- | -- |

(બી) બચાવ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :-

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| -- | -- | -- |

(સી) કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :-

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| -- | -- | -- |

<u>ચુ કા દો</u>

(૧) કામના અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ અરજદારના લગ્ન સામાવાળા સાથે તા.૦૬/૦૫/૨૦૧૭ ના રોજ વરલી મુકામે થયેલ. અરજદારને લગ્નજીવનથી કોઇ સંતાન નથી. લગ્ન બાદ થોડો સમય સારા સંબંધો રહેલ પરંતુ ત્યાર બાદ સાસુ, નણંદ તથા જેઠ જેઠાણી અને દિયરની ચઢામણી અને કાનભંભેરણીથી તેમના પતિ વાત વાતમાં તેઓને ખોટી રીતે કામકાજ બાબતે મારકુટ કરતા અને લગ્નના બે માસ બાદ તેણીને મારીકુટીને ઘરમાંથી કાઢી મુકેલ અને એક વાર તો તેઓ પર કેરોસીન છાંટી મારી નાખવાનો પણ પ્રયાસ કરેલ હતો પરંતુ આજુબાજુના લોકોએ તેઓને આ ત્રાસમાંથી છોડાવેલ હતી. તેઓના પતિ તથા તેમના પરિવાર દવારા અવાર નવાર શારિરીક માનસિક ત્રાસ આપતા અને મેણા ટોણા મારતા અને શારીરીક માનસિક ત્રાસ આપી કાઢી મુકેલ. સામાવાળાઓએ તેઓને કયારેય પુછા કરેલ નથી. આ કામના સામાવાળા ક્રુર અને તુંડ મિજાજી છે તેમ છતાં અરજદારના પિતાજીએ સામાવાળાને તેમજ તેના સાસરીયાઓને સમજાવવા અથાગ પ્રયત્ન કરેલ તેમ છતાં સામાવાળઓએ દાદ ન આપતા હાલની અરજી કરવાની ફરજ પડેલ છે.

હાલ તેણી તેમના પતિથી અલગ રહે છે. સામાવાળા ખેતીકામ કરે છે અને પ્રતિમાસ રુ.૫૫૦૦૦/– થી ૬૫,૦૦૦/– ની કમાણી કરે છે.સબબ આ કામના અરજદારે હાલની આ અરજી કરી ધી પ્રોટેકશન ઓફ વુમન ફોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ ૧૨ મુજબ કરી ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ ૧૮ મુજબ રક્ષણ મળવા હુકમ ફરમાવવા તથા કલમ ૧૯ મુજબ રહેણાકની વ્યવસ્થા માટે હુકમ ફરમાવવા તથા ધી પ્રોટેકશન ઓફ વુમન ફોમ આ કામના અરજદારને હાલના ડોમેસ્ટીક વાયોલન્સ એકટની સામાવાળાએ શારીરીક અને માનસીક ત્રાસ પહોંચાડેલ હોય અને તેઓ સાથે ખુબજ મારકુટ કરેલ હોય તે અંગે વળતર પેટે રૂા. ૫,૦૦૦/– ચુકવી આપે તથા ભરણ પોષણના રુ.૨૦,૦૦૦/– ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તથા કાયદા મુજબ મળી શકતી અન્ય તમામ દાદ

અપાવવા અરજ કરેલ છે.

(૨) અરજદારની અરજી દાખલ કરી સામાવાળાને પ્રોટેકશન ઓફીસરશ્રી ભુજના મારફત નોટીસની બજવણી સારું મોકલાવેલ અને પ્રોટેકશન અધિકારીશ્રી ધ્વારા નોટીસ સામાવાળાને બજતાં સામાવાળા તેમના વિ.વ.શ્રી મારફત કોર્ટ સમક્ષ હાજર થઈ અરજદારની અરજીનો જવાબ આંક–૧૫ થી રજુ કરેલ છે. આ કામે ધરેલુ હીંસા અંગેનો અહેવાલ રજુ છે. જે વંચાણે લીધો. જેમાં અરજદારની અરજીમાં જણાવ્યા મુજબ અરજદારનું લગ્ન આ કામનાં સામાવાળા સાથે થયેલ હોવાનું સ્વીકાર કરી બાકીની તમામ હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે અરજદારની અરજીની હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ હોય, તે તેઓને કબુલ મંજુર કે બંધનકર્તા નથી તેમ જણાવેલ છે. આ કામના અરજદારે ઘરેલુ હિંસાની જણાવેલ હકીકત ઉપજાવી કાઢેલી છે. સામાવાળા સીકયુરીટીમાં નોકરી કરી માસ્કિ રુપીયા આઠ થી દશ હજાર કયામ છે અને અરજદારે તેમના માવિત્રોની ચઢામણીથી આ પગલું ભરેલ છે. અરજદાર જો નામદાર અદાલત સમક્ષ સારી રીતે રહેવાની ખાતરી આપે તો સામાવાળા તેઓને સમ્માન સાથે લઈ જવા તૈયાર છે. તેઓએ અરજદાર સાથે કયારેય પણ ખરાબ વર્તન કરેલ નથી તેમની બધી જરૂરીયાતો પુરી કરેલ છે તે છતાં તેઓ પર ખોટા આક્ષેપો વાળી હાલની આ અરજી કરેલ હોય અરજીમાં જણાવ્યા મુજબની કોઈ પણ પ્રકારની દાદ મેળવવા હકકદાર ન હોય હાલની આ અરજી ખર્ચસહિત રદ કરવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાદ સામાવાળા તરફે કોઇ મૌખિક કે લેખિત પુરાવો રજુ થયેલ નથી કે અરજદારની ઉલટ તપાસ માટે પણ સામાવાળા તરફે કોઇ હાજર રહેલ ન હોય આંક–૩૦ થી રજુ પુરશીશ તળે સામાવાળાનો ઉલટ તપાસનો હકક બંધ થવા અરજી રજુ થતા તે તળે થયેલ હુકમ મુજબ સામાવાળાનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ.

(૪) અરજદારના વિ.વ.શ્રીની મૌખિક દલીલ સાંભળી. સામાવાળા તરફે કોઇ દલીલ કરવામાં આવેલ નથી.

(૫) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

**-:: મુ દ્દા ::-**

૧ શું અરજદાર સાબિત કરે છે કે, આ કામના સામાવાળાએ અરજદાર વિરૂધ્ધ પારિવારિક હિંસાનું કૃત્ય કરેલ છે?

૨ શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ અરજીમાં માગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?

૩ શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. અંશત: હકારમાં

૩. આખરી હુકમ મુજબ

**નિર્ણય માટેના કારણો**

**મુદ્દા નં.૧ :-**

**કાયદાનો હેતુ**

**(૭)** આ કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા પહેલા ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનુ રક્ષણ અધિનિયમનો હેતુ, ઘરેલુ હિંસાનો અર્થ તથા આ કાયદાની જરૂરિયાત ઉભી થવાના કારણો ધ્યાને લેવા જરુરી બને છે.

**ઘરેલું હિંસાથી સ્ત્રીઓનુ રક્ષણ અધિનિયમની જરૂરિયાત ઉભી થવાના કારણોઃ-**

વર્ષ ૨૦૦૫ સુધી સ્ત્રીઓ પર થતી ઘરેલુ હિંસા સામે ફકત મુખ્ય બે જ કાયદાકીય રાહતો અમલમાં હતી, એક છૂટાછેડાનો કાયદો, જે દીવાની કાયદો છે અને બીજો ઇન્ડિયન પીનલ કોડની કલમ-૪૯૮(ક), જે ફોજદારી કાયદો છે, પરંતુ આ બન્ને કાયદાઓની અમુક મર્યાદાઓ છે. જેમ કે,

૧. ઘરેલુ હિંસાના પ્રશ્નોને બંનેમાંથી એક પણ કાયદો સંબોધતો નથી.

૨. ઘરેલુ હિંસા એ એક બહોળા પ્રમાણમાં ફેલાયેલ દૂષણ છે જેનાથી સ્ત્રીઓ પર માનસિક અને શારીરિક રીતે ગંભીર અસરો થાય છે, જેની કોઈ કાયદાકીય સ્વીકૃતિ અન્ય કોઈ કાયદા હેઠળ હાલ સુધી મળેલ ન હતી.

૩. અન્ય મહિલાલક્ષી કાયદાઓ લગ્ન બહારનાં સંબંધોમાં ઉભા થતા પ્રશ્નોને સંબોધિત કરતા નથી. જેને કારણે ઘણી સ્ત્રીઓ કાયદાનો સહારો લઈ શકતી ન હતી.

૪. ઈન્ડિયન પીનલ કોડની કલમ–૪૯૮(ક) જેવા ફોજદારી કાયદામાં લેવાતા પગલાને લીધે સમાધાન/વાટાઘાટોને ઘણો ઓછો અવકાશ રહે છે.

૫. અન્ય કાયદાઓ સ્ત્રીઓનાં પત્નિ તરીકેના સંબંધો સિવાયના સંબંધો જેવા કે માતા, પુત્રી, બહેન, પુત્રવધૂ જેવા સંબંધોમાં ઉભા થતા ઘરેલુ હિંસાના પ્રશ્નોને સંબોધતા ન હતા.

આ બધા કારણોને લીધે એક એવા કાયદાની જરૂરીયાત ઉભી થઇ જે ઘરેલુ હિંસાનો ભોગ બનેલ મહિલાઓને વિવિધ રક્ષણ આપવામાં મદદ કરે. જેના અનુસંધાને સત્તામંડળ દ્વારા ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનુ રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ઘડવામાં આવેલ છે.

**ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનુ રક્ષણ અધિનિયમનો હેતુ :–**

ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનુ રક્ષણ અધિનિયમ–૨૦૦૫, સપ્ટેમ્બર ૨૦૦૫ માં ભારતીય સંસદ ધ્વારા લાગુ કરવામાં આવેલ છે. આ કાયદો ભારતનાં તમામ રાજ્યોમાં લાગુ પાડવામાં આવેલ છે. આ કાયદો જુદા જુદા પ્રકારની ઘરેલુ હિંસાને સમગ્ર રીતે આવરી લે છે અને આવી હિંસાનો ભોગ બનેલ અથવા ભોગ બનવાની શકયતા ધરાવતી મહિલાઓ માટે સદર કાયદા અંતર્ગત તાત્કાલિક ધોરણે રાહત આપે છે. આ કાયદો મહિલાને ઘરેલુ હિંસાના ભયમાંથી મુકત કરે છે અને બંને પક્ષોને તેમના સંબંધો પર નવેસરથી ચર્ચા (ફેર વિચારણા) કરવા માટે હિંસામુકત વાતાવરણ પુરૂ પાડે છે. ઉપરાંત, ભવિષ્ય માટે વિચારપૂર્વક નિર્ણય લેવાની તક આપે છે. ઘરેલુ હિંસા સામેના આ કાયદાનુ લક્ષ્ય મહિલાને તાત્કાલિક રાહત, તેમજ વળતર આપવામાં મદદરૂપ થવાનુ છે. સદર કાયદાનો મુખ્ય હેતુ કૌટુંબિક સંબંધોમાં

સ્ત્રી ઉપર થતી હિંસાને તાત્કાલિક ધોરણે રોકવાનો અને સ્ત્રીના ચિંતામુકત રીતે જીવવાના અધિકારને સુનિશ્ચિત કરવાનો છે.

**ઘરેલુ હિંસા એટલે શું ? (કલમ–૩–સ્પષ્ટીકરણ):–**

ઘરેલુ હિંસા એટલે મહિલા પર ઘરના સભ્યો અથવા ઘરેલુ સંબંધ ધરાવતી વ્યકિત ધ્વારા આચરવામાં આવતુ કૃત્ય કે વ્યવહાર જે આ કાયદા હેઠળ હિંસા ગણાય. આમાં મુખ્યત્વે નીચે દર્શાવેલ હિંસાઓનો સમાવેશ થાય છે.

**૧) શારીરિક હિંસાઃ એવુ કૃત્ય કે,**

૧. જેનાથી ભોગ બનનાર મહિલાને શારીરિક તકલીફ કે હાનિ પહોંચે.

૨. જે મહિલાનાં જીવન,શરીરનું કોઇ અંગ અથવા આરોગ્યને જોખમમાં મુકે.

૩. મહિલાના આરોગ્ય અને વિકાસને કુંઠિત કરે.

**૨) જાતીય હિંસાઃ**

૧. એવી કોઇપણ પ્રકારની જાતીય વર્તણૂક કે જે સ્ત્રીની ગરીમાનું અપમાન માનભંગ કે અવહેલનાં કરે, તેના સમ્માનને તોડે અથવા તેનું ઉલ્લંઘન કરે.

**૩) શાબ્દિક અથવા ભાવનાત્મક હિંસાઃ**

૧. અપમાન, મશ્કરી, શરમજનક વર્તન,મહેણાં–ટોણાં મારવા(બાળક ન હોવા કે દિકરો ન હોવા માટે) કે હાંસી ઉડાડવી.

૨. બાળકની જાતિ જાણવા માટે પરિક્ષણ કરાવવું, જો દીકરી હોય તો બળજબરીથી ગર્ભપાત કરાવી નાંખવો અથવા તે માટે દબાણ કરવું.

૩. ભોગ બનનાર મહિલા અથવા તેનાં સબંધીઓ ઉપર જબરજસ્તી અથવા દબાણ કરવુ અથવા કરાવવું.

૪. દહેજ અથવા અન્ય માંગ પૂર્ણ કરવા સતત દબાણ કરવું.

**૪) આર્થિક હિંસાઃ**

૧. દહેજ અથવા બીજી મિલકત કે જામીનગીરી માટેની ગેરકાયદેસર માંગણી પૂરી કરાવવા માટે ભોગ બનનાર મહિલા અથવા તેણી સાથે સંકળાયેલ કોઇ બીજી વ્યકિત ઉપર જબરદસ્તી અથવા દબાણ કરવુ અથવા કરાવવું.

૨. કાયદાકીય રીતે મળવાપાત્ર આર્થિક કે નાણાંકીય લાભથી મહિલાને વંચિત રાખવી, જેમ કે તેનાં અને બાળકોનાં ભરણ પોષણ માટેનું વળતર,

સ્ત્રીધન, વારસાગત મિલકત, ભાડાની આવક વગેરે પુરા ન પાડવા.

૩. ઘરેલુ હિંસાનો ભોગ બનનાર મહિલાનું હિત હોય તેવી ઘરની કોઇ પણવસ્તુ, સ્થાયી કે અસ્થાયી મિલકત, કિંમતી વસ્તુઓ, શેર,બોન્ડ કે અન્ય મિલકત, સંબંધને કારણે સ્ત્રીનો કે તેનાં બાળકનો હક બનતો હોય તેવી મિલકત, સ્ત્રીધન કે કોઇ સંયુકત મિલકત છીનવી લેવી. કમાતી મહીલાની આવક છીનવી લેવી.ખર્ચ માટે નાણા ન આપવા.

(૮) આ કામે બંને પક્ષે રજુ થયેલ પુરાવો તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં હાલની અરજી આ કામના અરજદારે આ કામના સામાવાળાની વિરુધ્ધમાં દાખલ કરેલ છે. જેમાં સામાવાળા એ અરજદારના કાયદેસરના પતિ થાય છે તે બાબતે સામાવાળા તરફે કોઈ તકરાર નથી. આમ, અરજદાર અને સામાવાળા વચ્ચે પારીવારીક સંબંધો હોવાનું સ્પષ્ટ થાય છે.

(૯) હાલની અરજીની હકીકતો પુરવાર કરવા માટે અરજદારની માનસિક સ્થીતિ સારી ન હોય અરજદારના પિતાની ઈષ્ટમિત્ર તરીકે નિમણુંક કરી પુરાવા રજુ કરવાની અરજી મંજુર થતાં આંક–૨૯ થી અરજદારના પિતા સુમરાજી રાયબજી જાડેજાનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે જેમાં તેઓએ અરજદારની અરજીમાં જણાવેલ હકીકતોને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ છે જેથી તેનું પુનરાવર્તન અત્રે કરેલ નથી. આ કામે સામાવાળા તરફે અરજદારની કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૦) ઉપરોકત તમામ હકીકતને ધ્યાને રાખતાં આ કામના અરજદાર નં.૧ આ કામના સામાવાળા નંબર ૧ ના પત્ની છે તે હકીકત બાબતે કોઈ તકરાર નથી. વિશેષમાં અરજદારણ અને સામાવાળાએ તેમનું લગ્ન જીવન શરૂ કર્યા સંયુકત પરિવાર માં તેઓ રહેલા છે. લગ્ન બાદ સામાવાળા ધ્વારા અપશબ્દો બોલી અરજદારણને અવારનવાર માનસીક ત્રાસ આપવામાં આવતો હતો તેવી હકીકત તેણીની સોગંદ પરની જુબાનીથી ફલીત થાય છે. વધુમાં આ કામે પ્રોટેકશન ઓફીસરનો અહેવાલ આંક–૦૬ થી રજુ થયેલ છે

જે જોતાં તેમાં ઘરેલુ હિંસાના બનાવોના કોલમમાં સામાનં.૧ દારુ પી ને અવાર નવાર અરજદારને સામા. નં.ર થી પ ની ચઢામણીથી ઘરકામ બાબતે અસહાય ઢીકાપાટુનો માર મારતા અને લગ્નના બે માસ બાદ સામાવાળાઓએ અરજદારને ઘરેથી કાઢી મુકેલ છે તેવી હકીકત લખાવેલ છે તેમજ જાતિય હિંસાના કોલમમા સામા.નં.૧ અરજદાર સાથે બળજબરીપુર્વક જાતિય સબંધ બાંધતા હોવાનું જણાવેલ છે જે પણ એક હિંસા જ કહેવાય. વધુમાં અરજદારને સામા.નં.૧ પિયરમાંથી પૈસા લઈ આવવા માટે દબાણ કરતા. આમ, આ રિપોર્ટ જોતાં અરજદાર ઘરેલુ હિંસાનો ભોગ બનેલ હોવાનું જણાય છે અને જેના કારણે એવા સંજોગો ઉપસ્થિત થયેલા છે કે તેણી સામાવાળા સાથે રહી શકે તેવા સંજોગો રહેલા નથી અને સામાવાળાએ એવા સંજોગો ઉભા કરીને તેણીને તેના માવિત્રોને ત્યાં રહેવાની ફરજ પડેલ છે એ પણ એક ઘરેલુ હિંસા કહેવાય તે પ્રકારનું કૃત્ય સામાવાળાનું હોવાનું જણાઈ આવે છે. આ સમગ્ર હકીકતો ધ્યાને રાખતાં અરજદાર ઘરેલુ હિંસાનો ભોગ બનેલ હોવાનું ફલીત થાય છે તેથી **મુદ્દા નં.૧ હકારાત્મક** ઠરાવવામાં આવે છે.

**<u>મુદા નં.ર :-</u>**

(૧૧) ધરેલુ હીંસાથી સ્ત્રીઓના રક્ષણ અધિનિયમ ૨૦૦૫ અંતગર્ત સ્તીઓને આર્થીક ઉપરાંત સામાજીક રક્ષણ આપવાની પણ જોગવાઈ કરવામા આવેલ છે. સીઆર.પી.સી.કલમ ૧૨૫ અને ધરેલું હીંસાથી સ્વીઓના રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ને જોવામા આવેતો બન્ને વચ્ચે સપષ્ટ ભેદરેખા નજરે પડે છે. ધરેલું હીંસાથી સ્વીઓના રક્ષણ અધિનિયમ ૨૦૦૫ નો કાયદો સ્ત્રીઓના વધારે હીતો ને આવરી લે તેવી વિશાળ સામાજીક હીત ને ધ્યાનમાં રાખી બનાવવામાં આવેલ છે.સીઆર.પી.સી. કલમ ૧૨૫ અંતગર્ત માત ઉચ્ચક રકમ અંગેની માંગણી કરી શકાય છે. જયારે સદર કાયદા અંતગર્ત અલગ અલગ દાદ જેવી કે સામાજીક સુરક્ષા, રહેણાંકની દાદ, આર્થીક સહાય કબ્જા કે કસ્ટડીની દાદ વળતરની દાદ, સંયુકત ધરમા રહેવાનો અધિકાર વગેરે જેવી સામાજીક સુરક્ષા પ્રદાન કરતી દાદ માંગી શકાય છે. ધરેલું હીસાથી સ્વીઓના રક્ષણ અધિનિયમ ૨૦૦૫ અરજી પડતર હોવા છતા અન્ય વૈકલ્પીક દાદ જેવી સીઆર.પી.સી.કલમ ૧૨૫ ની અરજી પણ કરી શકાય છે. આ કામે

મૃદદા નંબર ૧ નો જવાબ અદાલત દવારા હકારમાં આપવામાં આવેલ છે. અરજદાર સામાવાળા નંબર ૧ ના પત્ની થાય છે. સામાવાળાઓએ અરજદાર સાથે ઘરેલું હીંસા આચરેલ છે. તેવું સાબીત થતુ હોય ત્યારે અરજદાર કલમ ૧૮ અન્વયે રક્ષણ મેળવવા હકકદાર છે તેવું આ અદાલતનું માનવું છે. આ કામે અરજદાર દવારા **કલમ ૨૦** અન્વયે શારીરીક માનસીક ત્રાસ પહોચેલ હોય ત્યારે અરજદાર **રુ. ૨૦૦૦/– બે હજાર પુરા (એક વખત)** વળતર મેળવવા હકકદાર છે. તેવું આ અદાલતનું માનવું છે. આ કામે અરજદારે માસીક ભરણ પોષણ પેટે રુ. ૨૦,૦૦૦/– ની માંગણી કરેલ છે. અને સામાવાળાની આવક અંગેના કોઈ પુરાવા રજુ રાખેલ નથી.પરંતુ સામાવાળા દ્વારા રજુ થયેલ જવાબમાં તેઓએ જણાવેલ છે કે તેઓ સીકયુરીટીમાં કામ કરે છે અને માસિક રુપીયા આઠ થી દસ હજાર કમાય છે. વધુમાં સામાવાળા પર તેઓના ઘરના અન્ય સભ્યોની પણ જવાબદારી હોય તે સ્વાભાવિક છે. પરંતુ અરજદાર સામાવાળા નં.૧ ના પત્ની છે તેથી તેઓનું ભરણ પોષણ કરવાની જવાબદારી પણ સામા.નં.૧ ની થાય છે. અરજદાર દ્વારા સમાવાળાની આવક સંબંધે કોઇ આધાર રજુ થયેલ નથી જેથી **માસીક ભરણ પોષણ પેટે રુ.૨,૦૦૦/– (અંકે રુપીયા બે હજાર )** મેળવવા હકકદાર થાય છે.અરજદારે કલમ–૧૯ માં જણાવ્યા મુજબ રહેઠાણ અંગે હુકમ મેળવવા દાદ માંગેલ છે પરંતુ આ કામે સામાવાળા પોતાની માલીકીનું મકાન ધરાવે છે કે કેમ તે અંગે કોઇ આધાર આ કામે રજુ કરેલ નથી પરંતુ **કલમ–૧૯ અન્વયે માસીક રુ.૧૦૦૦/– (અંકે રુપીયા એક હજાર પુરા)** મેળવવા હકકદાર બને છે. વધુમાં, ના.સર્વોચ્ચ અદાલતે **રજનેશ વિ. નેહા અને બીજા [2020(0) AIJEL-SC 66659]** ના ચુકાદામાં ઠરાવેલ માર્ગદર્શક સિદ્ધાંતો મુજબ ભરણપોષણ નક્કી કરતી વખતે પક્ષકારોનુ સ્ટેટસ, અરજદારની વ્યાજબી જરુરીયાતો, અરજદારની સ્વતંત્ર આવક અને મિલકત, સામાવાળા ઉપર અન્ય વ્યક્તિની જવાબદારી, અરજદારને સાસરી મુજબનુ જીવન ધોરણ, અરજદારના ખોરાક, કપડા, રહેઠાણ, તબીબી ખર્ચ વિ., સામાવાળાની રકમ ચુકવવાની ક્ષમતા જેવા પરિબળો ધ્યાનમાં લેવાનુ ઠરાવેલ છે. તેથી **મુદ્દા નં .૨** તે રીતે **અંશત:હકારાત્મક** ઠરાવવામાં આવે છે અને મુદા નંબર ૩

પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :–

***–:: આખરી હુકમ ::–***

૧ અરજદારની હાલની અરજી **અંશત: મંજુર** કરવામાં આવે છે.

૨ **ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદાની કલમ–૧૮** અન્વયે આ કામના સામાવાળાઓએ અરજદારને ઘરેલુ હિંસાનું કૃત્ય થાય તેવા પ્રકારનું કોઈ વર્તન કરવું નહી તથા અરજદાર અને તેના પરિવાર સાથે કોઈ વ્યકિતગત, મૌખિક, લેખિત કે ટેલીફોનીક સંપર્ક કરવો નહી તથા અરજદારને શારિરીક કે માનસીક હાનિ પહોંચે તેવા પ્રકારનું કોઈ કૃત્ય કરવું નહી તેવો હુકમ ફરમાવવામાં આવે છે.

૨ **ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદાની કલમ–૧૯** અન્વયે અરજદારને રહેઠાણ અંગે માસીક ભાડાના રૂ.૧૦૦૦/– (અંકે રુપીયા એક હજાર ) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩ **ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદાની કલમ–૨૦** અન્વયે આ કામના સામા.નં.૧ નાઓએ અરજદારને ભરણ પોષણ પેટે રુ.૨,૦૦૦/– (અંકે રુપીયા બે હજાર પુરા) મુળ અરજીની તારીખથી ચડયેચડયા દર માસ નિયમીત રીતે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૪ અરજદારને અરજીના ખર્ચની રકમ રુ.૧,૦૦૦/– (અંકે રુપીયા એક હજાર) એક વખત અલગથી ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

૫ સદર હુકમ અન્વયે જે દાદ આપવામાં આવેલ નથી તે નામંજુર કરેલ છે.

૬ આ હુકમની નકલ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૨૪ મુજબ અરજીના બંને પક્ષકારોને તથા રક્ષણ અધિકારીને વિનામુલ્યે પુરી પાડવી.

આજરોજ તા: ૦૧ માહે: જુલાઇ સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા: ૦૧/૦૭/૨૦૨૬
ભુજ–કચ્છ.

(જયોતિ વિરાટભાઇ બુધ્ધ)
બીજા અધિક ચીફ જયુ.મેજી.
ભુજ–કચ્છ.
જી.જે.૦૧૧૭૯

ડી.એન.આચાર્ય